# જિલ્લા શિક્ષણાધિકારી કચેરી, સુરત.

**Fax** : 0261 2662902
**Website:** www.deosurat.gov.in
**Email:** suratdeo@gmail.com

**Phone:** 0261 2662903
એ/૩,જિલ્લા સેવાસદન-૨,
અઠવાલાઈન્સ, સુરત.

ક્રમાંક :જીપીએફ/૨૦૨૧/ ૧૨૪૫૭

તા. ૨/૯ /૨૦૨૧

અગ્રતાક્રમ

પ્રતિ,

આચાર્યશ્રી,

સુરત જિલ્લાની તમામ ગ્રાન્ટેડ

બિન સર.મા. અને ઉ.મા.શાળા,ખાનગી પ્રાથમિક શાળા,અને ઉ.બુ.આશ્રમ શાળાઓ તરફ (ગ્રાન્ટેડ)

વિષય:- વર્ષ-૨૦૧૬-૧૭ થી વર્ષ-૨૦૨૦-૨૧ સુધીના જી.પી.એફ. કર્મચારીના જી.પી.એફ સ્લીપ મુજબ હિસાબ રાખવા બાબત.

સંદર્ભ:- જિલ્લા સ્થાનિક ભંડોળ હિસાબ સુરતના પત્ર નં. એલ./સુ/ટેક-૨ /જી.પી.એફ/કેસ/૪૨૩૨ તા.૧૯.૮.૨૦૨૧

ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે, બિન સરકારી માધ્યમિક / ઉચ્ચતર માધ્યમિક શાળા,ખાનગી પ્રાથમિક શાળા તથા ઉ.બુ.આશ્રમ શાળામાં ફરજ બજાવતા શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારીઓ જેઓ જી.પી.એફ એકાઉન્ટ સાથે જોડાયેલ હોય તેવા કર્મચારીઓના વર્ષ-૨૦૧૬-૨૦૧૭ થી વર્ષ-૨૦૨૦-૨૦૨૧ સુધીની જી.પી.એફ સ્લીપ મુજબ અત્રેની કચેરીના જી.પી.એફ લેઝર પર હિસાબ રાખવાનો હોવાથી શાળાએ તમામ જી.પી.એફ કર્મચારીના એટલે કે, હાલ ફરજ બજાવતા હોય કે નિવૃત્ત થયેલ હોય તેવા તમામ કર્મચારીઓની ઉપરોકત વર્ષ થી લેઝર નિભાવવાનું હોવાથી શાળાએ તમામ કર્મચારીની વર્ષ વાઇઝ જી.પી.એફ સ્લીપની ઝેરોક્ષ તૈયાર કરી શાળાને આ કચેરી દ્વારા બોલાવવામાં આવે ત્યારે હાજર રહી ૦૫ (પાંચ) વર્ષની એન્ટ્રી કરવાની રહેશે.

જેમકે xyz નામનો કર્મચારી છે.જેમની વર્ષ-૨૦૧૬-૨૦૧૭ થી વર્ષ-૨૦૨૦-૨૧ સુધીની જી.પી.એફ સ્લીપ સાથે જે તે વર્ષ માં ઉપાડ કરેલ હોય તે પણ કર્મચારી મુજબ બંચ બનાવી ફાઇલ માં ક્રમ વાઇઝ ફાઇલ કરવાના રહેશે. જેથી લેઝરમાં એન્ટ્રી કરતા કોઇ ક્ષતિ ન થાય.

વધુમાં જણાવવાનું કે, વર્ષ-૨૦૧૬-૧૭ થી વર્ષ-૨૦૨૦-૨૦૨૧ સુધીમાં જે કર્મચારી નિવૃત્તિ,અવસાન ,કે અન્ય કારણોસર નિવૃત્ત થયેલ હોય અને તેમનું જી.પી.એફ ઉપાડનું આખરી ચુકવણુ થઇ ગયેલ હોય તેવા કર્મચારીનું છેલ્લા કયાં વર્ષમાં આખરી ચુકવણું થયેલ છે. જેની નોધ તેમની શાળાના રકર્ડ ઉપરથી ચકાસણી કરી પત્રક બનાવી જે તે માસમાં ચુકવણું થયેલ છે. તેવી નોંધ કરવાની રહેશે.

સદર કામગીરી તા.૯.૯.૨૦૨૧ થી શરૂ કરવાની હોવાથી શાળાએ સદર કામગીરી તાત્કાલિક પૂર્ણ કરવાની રહેશે.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિલ્લો, સુરત